## જન્મદિને વધામણી



**કેતન મહેતા**
સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૪૮૫૧૯



**કલ્પેશ એ સોની**
નવદીપ ચશ્મા ઘર
મો. ૯૯૭૪૬ ૭૬૮૯૪



**જિતેન્દ્રસિંહ ચૌહાણ**
સેલ્સમેન, સેફ ઝોન ઈન્ફોટેક
મો. ૮૩૪૭૮ ૫૭૧૫૪



**ધ્યાની પંડ્યા**
મો. ૯૪૨૮૦ ૦૦૭૬૬



**રિદ્ધિ ચિરાગ ઠાકોર**
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨



**જીત હિતેશકુમાર કાપડિયા**
મો. ૯૪૨૭૦ ૫૧૯૯૧



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજ સંત મંડળ સહિત ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર કરવા આફ્રિકા ખાતે વિચરણ કરી રહ્યા છે, ત્યાંથી તેઓ યુગાન્ડા પધાર્યા હતા. યુગાન્ડાના વડાપ્રધાન રૂહાકાના રૂગુન્ડાએ પૂ. મહારાજનું સ્વાગત કર્યું હતું અને યુગાન્ડાના વિકાસ માટે, ભારતીયોને યુગાન્ડા પરત મોકલવા માટે વિનંતી પણ કરી હતી.

# સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં બીજા વર્ષે 'હોમ અવે ફ્રૉમ હોમ' કાર્યક્રમ યોજાઈ ગયો





## ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્કૂલ ઓફ અચિવરને સાચા અર્થમાં પોતાનું ઘર બનાવ્યું

ગાંધીનગર, તા. ૨૬

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ દ્વારા આ વખતે સતત બીજા વર્ષે વિદ્યાર્થીઓ માટે 'હોમ અવે ફ્રૉમ હોમ' નામના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત પેરેન્ટ્સ પોતાના પાલ્યને સાંજે ૪:૩૦ વાગ્યે સ્કૂલમાં મૂકી ગયા અને બીજા દિવસે સવારે ૭ વાગે પરત લઈ ગયા. તે દરમ્યાન વિદ્યાર્થીઓએ મન ભરીને મજા માણી હતી. સૂપ, ગાજરનો હલવો, પાઉંભાજી, સમોસા, પુલાવ વગેરે સ્કૂલમાં જ બનાવી વિદ્યાર્થીઓએ આસ્વાદ માણ્યો, તો ભેળ અને ઢોકળાં વિદ્યાર્થીઓએ જાતે જ બનાવી સ્વનિર્ભરતાનો સ્વાદ પણ ચાખ્યો હતો. સાથે-સાથે કેમ્પફાયર (બોનફાયર)ના ઉષ્માપૂર્ણ વાતાવરણમાં ગીત-સંગીત અને નૃત્ય તથા નાટિકાઓના સુંદર કાર્યક્રમની રંગત પણ માણી. પૂર્ણતઃ સ્વૈચ્છિક હોવા છતાં કાર્યક્રમમાં અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધોરણ ૮ થી ૧૦ના લગભગ ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્કૂલ ઓફ અચિવરને સાચા અર્થમાં પોતાનું ઘર બનાવી લીધું. ૫૫૦ બાળકોના એક દિવસના માતા-પિતાની ભૂમિકા ભજવનાર ૧૦૦ જેટલા શિક્ષક ભાઈ-બહેનોએ બાળકોને ચિરસ્મરણીય લાડ-દુલાર કર્યા હતા.

સ્કૂલે આ કાર્યક્રમની સફળતા માટે શાળાના સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
દિલવાલે
૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-3**
સ્ટાર વૉર્સ
૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦


**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૦.૦૦
છેલ્લો દિવસ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દિલવાલે
૧૨.૧૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦

# ''આરતી'' : સ્કૂલ ઑફ અચીવર, કુડાસણનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૬

સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણની વિદ્યાર્થીની કુ. આરતી શૈલેષભાઈ પટેલે ઑક્ટોબર, ૨૦૧૫માં લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ, સૅમેસ્ટર-૩ની પરીક્ષામાં ફિઝિક્સ, બાયોલૉજી અને કૅમેસ્ટ્રીમાં ૧૦૦ ગુણ સાથે એ૧ ગ્રેડની સિદ્ધિ હાંસલ કરી સ્કૂલ અને શહેરનો ગૌરવ અપાવ્યું છે. સ્કૂલ પરિવાર દ્વારા આરતીને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



આ ઉપરાંત સ્કૂલના ૮ વિદ્યાર્થીઓને પણ એ૧ ગ્રેડમાં ઉત્તીર્ણ થવા બદલ સ્કૂલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સંસ્કૃત માતૃભાષા નહીં, અમૃતભાષા છે

ગાંધીનગર, તા. ૨૬

'વર્તમાન સમયની સર્વ સમસ્યાઓનું સમાધાન સંસ્કૃત ભાષા છે' એ શબ્દોનું ઉચ્ચારણ ઍડિ. ડીજીપી પી પી પાંડેય દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું.

પ્રસંગ હતો GMERS મેડિકલ કૉલેજ, સેક્ટર ૧૨, ગાંધીનગર ખાતે આયોજીત સંસ્કૃતભારતીના પ્રથમ પ્રાન્તીય અધિવેશનના ઉદ્‌ઘાટનનો. આ સમારંભમાં સંસ્કૃત ભારતીનાં પ્રાન્તીય અધ્યક્ષ કૃષ્ણપ્રસાદજી નિરૌલાજીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. અધિવેશનમાં ૩૮૨ જેટલાં કાર્યકર્તા ભાઈઓ અને બહેનો રાજ્યના ૨૮ જિલ્લાઓમાંથી ભાગ લેવા માટે ઉપસ્થિત થયા હતા.

પી પી પાંડેયજીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં લોકો સંસ્કૃતથી દૂર ભાગે છે. તેઓ બોલી શકતાં નથી. સંસ્કૃતનું વ્યાકરણ અઘરૂં લાગે છે. તેથી સંસ્કૃત પ્રત્યે અરૂચિ વધી જાય છે. તેવા સમયમાં આ બધી સમસ્યાઓન સમાધાન તરીકે આંતરરાષ્ટ્રીય સંસ્થા સંસ્કૃત ભારતીનાં કાર્યો અને કાર્યશૈલી સર્વોત્તમ છે.






અધિવેશનના ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ તરીકે ભાગ્યેશ જહા હાજર ઉપસ્થિત રહ્યા હતા, જેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વર્તમાન પરિસ્થિતિમાં સંસ્કૃતભાષાનો પ્રભાવ સમાજમાં દેખાઈ રહ્યો છે. આજે સંસ્કૃતભાષા મૃતભાષા નથી પણ તે અનેક પરિવારોની માતૃભાષા છે અને અમૃતભાષા છે. પણ આપણાં બધાનું કર્તવ્ય છે કે સંસ્કૃતનાં વાયુમંડળનું નિર્માણ કરવા માટે આપણાં દૈનિક જીવનમાં દરેક કાર્યમાં સંસ્કૃતનો ઉપયોગ કરીએ અને લોકોને પ્રેરિત પણ કરીએ. ઉદ્ઘાટન સમારંભમાં અતિથિરૂપે ઉપસ્થિત ગ્રામ વિકાસ કમિશનરજયન્તી રવિએ જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા સર્વે ભાષાઓની જનની છે અને વિજ્ઞાન , વાણિજ્ય સાહિત્ય વગેરેનો મૂળ સ્ત્રોત છે. વિલ ડૂરા જેવા ઈતિહાસકારો પણ સંસ્કૃતને સમ્માનની નજરે જુએ છે.

સંસ્કૃત ભારતીના મંત્રી જયશંકર રાવલે ઉપસ્થિત સર્વેની આભારવિધિ પ્રદર્શિત કરતાં કહ્યું હતું કે માત્ર દશ દિવસનાં પ્રતિદિન બે કલાકનાં સંસ્કૃત સમ્ભાષણ શિબિરનો પ્રભાવ એટલો બધો હોય છે કે કોઈ પણ વ્યક્તિ સરળતાથી સંસ્કૃત સમ્ભાષણ કરવામાં સમર્થ બની શકે છે. અધિવેશનની માહિતી સંસ્કૃતભારતીના પ્રચાર પ્રમુખ સુકુમાર ત્રિવેદીએ આપી હતી. અધિવેશનમાં ગુજરાત રાજ્યના સંગઠન મંત્રી હિમાંજય પાલીવાલ હાજર રહ્યાં હતાં. અધિવેશનમાં ત્રણ સત્રોમાં સંસ્કૃતભાષાને કેવી રીતે લોકપ્રિય બનાવી શકાય અને લોકો કેવી રીતે સંસ્કૃતને અપનાવી ગૌરવાન્વિત અનુભવ કરી શકે તે બાબતનું ચિંતન કરવામાં આવ્યું હતું. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

# રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ યોજાયો





ગાંધીનગર, તા. ૨૬

આલમપુર ખાતે સ્થિત રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, શારીરિક શિક્ષણ, ખેલકૂદ, કલા, સંગીત અને તર્કશક્તિ પર સમાંતર ભાર આપીને શાળાના અભ્યાસક્રમમાં જ તેની ગૂંથણી કરનાર રંગોલી સ્કૂલે શારીરિક શિક્ષણ અને ખેલકૂદ માટે રાષ્ટ્રીય કક્ષાની એજન્સીઓ સાથે કરાર કર્યા છે, જે અંતર્ગત ન માત્ર વિદ્યાર્થીઓની ઋચિ વિવિધ રમતોમાં કેળવાય છે પરંતુ તેમને એ માટે પૂરતું માર્ગદર્શન પણ મળી રહે છે.

શાળા દ્વારા આયોજિત વાર્ષિક રમતોત્સવ દરમ્યાન વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન શીખેલી અને રમેલી રમતો જેવી કે કબડ્ડી, દોડ, એથ્લેટીક્સ, લાંબી કૂદ, ડિસ્ક થ્રો, ગોળાફેંક વગેરેમાં ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. રમતોત્સવનું ઉદ્‌ઘાટન રંગોલી ગૃપના ફાઉન્ડર અનામિકા અંજારિયાએ મશાલ પ્રજ્વલિત કરીને કર્યું હતું. વિજેતા બાળકોને રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયા, અનામિકા અંજારિયા અને પ્રણવ સોનીના હસ્તે મૅડલ્સ ઍનાયત કરવામાં આવ્યા હતા.

આચાર્ય ડૉ. અંજુ વર્માએ આ વાર્ષિક રમતોત્સવને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# વર્તમાન સમયમાં ગુણવત્તાસભર શિક્ષણ જરૂરી : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૨૬

આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા બે દિવસીય 'કેરીયર ઈન મેડિસન' કોન્ફરન્સ આજરોજ શાહીબાગના સરદાર પટેલ ઓડિટોરિયમમાં રાજ્ય સરકારનાં માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, તેમજ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસીએશનના પ્રમુખ ડો. જીતેન્દ્રભાઈ બી. પટેલની હાજરીમાં શરૂ થઈ હતી. આ કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારંભમાં આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રેસિડેન્ટ શ્રી આર. એસ. પટેલ, ડો. જગદીશ કોઠારી, ડો. જય પટેલ, યુએસએની ધ એકેડમી ઓફ નેક્સટજેનનાં કો-ચેર શ્રી અર્જુન પટેલ સહિત વિવિધ મહાનુભાવો હાજર રહ્યા હતાં. આ કોન્ફરન્સમાં ૯૦૦થી વધારે બાયોલોજીના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'બાયોલોજીનાં વિદ્યાર્થીઓ માટે માગદર્શનની સૌથી મોટી કોન્ફરન્સનું ગુજરાતમાં સૌપ્રથમવાર આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલું આયોજન અત્યંત પ્રસંશનીય છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ગુણવત્તાસભર શિક્ષણ જરૂરી બન્યું છે. જેને લઈને રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તાયુકત શિક્ષકો દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.'

શ્રી ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની વૈચારિક દિર્ઘદ્રષ્ટિ મુજબ બાળકની એક્ટીવીટી જોઈ શિક્ષકો અને તેમના મા-બાપ નક્કી કરે કે બાળક ભવિષ્યમાં સારો ડોક્ટર, એન્જિનિયર કે અન્ય કોઈ વ્યવસાયમાં જશે. હવે સમય આવી ગયો છે કે બાળક મા-બાપની મરજી મુજબ તેમનું અભ્યાસકીય ભવિષ્ય નક્કી નહી કરવું પરંતુ બાળકની મરજી મુજબ તેની ઉજ્જવળ કારકીર્દી બનાવવા માટે વિદ્યાર્થીના મા-બાપને નમ્ર વિનંતી છે.

આર્શિવાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રેસિડેન્ટ શ્રી આર એસ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'આ કોન્ફરન્સનો હેતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ માર્ગદર્શન પુરું પાડવાનો છે, જેથી વિદ્યાર્થીઓને કારર્કિદી માટે સંપૂર્ણ અને પારદર્શક માહિતી મળી રહે અને વિદ્યાર્થીઓ ખોટી માહિતીથી દોરવાય નહી. મેડિકલ ક્ષેત્રે કારર્કિદી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પૈસાના અભાવે તેમનું સ્વપ્ન રોળાઈ ન જાય તે હેતુથી આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટની વેબસાઈટ ઉપર વિવિધ બેંકોની લોન ઓછા વ્યાજ દરે મળી રહે તે અંગેની માહિતી ઉપલબ્ધ કરાઈ છે.'

# 'શિવરંજની'નો યુવા ડાયરાનો સફળ પ્રયોગ

ગાંધીનગરની સૂર અને શબ્દની આરાધનાને વરેલી શિવરંજની સંસ્થાએ તાજેતરમાં તેના ગુણીજન પ્રેક્ષકોને વધુ એક નવતર પ્રયોગ થકી યુવા ડાયરાના કાર્યક્રમની ભેટ ધરી. દેશના ઉંચા ગજાના સંગીતકાર એ આર રહેમાનની ઈન્સ્ટીટ્યુટમાં સંગીતની તાલીમ લઈ રહેલા નવોદિત ગાયક આદિત્ય ગઢવીને રજૂ કર્યા. કાર્યક્રમની શરૂઆતમાં પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચે ઉલ્લેખ કર્યો કે શિવરંજનીનો મુખ્ય આશય સૂર અને શબ્દની આરાધનાનો છે જેથી આપણા જ યુવા કલાકારોને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી ખાસ યુવા ડાયરો એવા ઉલ્લેખ સાથે કલાકાર કાર્યક્રમમાં બીજી એક યુવા પ્રતિભા તરીકે કાર્યક્રમમાં હળવાશ લાવવા ગુજરાતના બાળપણથી હાસ્ય કલા ક્ષેત્રે પદાર્પણ કરનાર જય છનિયારાને પણ રજૂ કર્યા. કાર્યક્રમનું સંચાલન ઘનશ્યામ ગઢવીએ છટાદાર શૈલીમાં સંભાળ્યું.

આમ તો ડાયરાની એક મઝા હોય છે અને તેના કલાકારો નક્કી હોવાથી તેમનાં નામ મનમાં રમવા લાગે અને વિશેષ ઉત્સુકતાનું કારણ લગભગ ના રહે પણ આ વખતે કાર્યક્રમના શિર્ષક પ્રમાણે યુવાન કલાકારો જ પાંખ વિંઝવવાના હતા. કદાચ એટલે જ પ્રેક્ષકોને ડાયરો જામે છે કે નહીં એવી ઉત્કંઠા તો હશે એમ જરૂર કલ્પી શકાય. પણ કાર્યક્રમમાં રજૂ થનાર કલાકારોનો પરિચય અને લોક સંગીતની વાતુંને લડાવીને ડાયરાની પૂર્વ ભૂમિકા સજાવવા ઘનશ્યામ ગઢવીએ પોતાની અસરકારકતા સાબિત કરીને મહેફિલ કલાકારોને સોંપી.

કલાકારોએ શરૂઆત પ્રારંભિમ પ્રભુ વંદનાની સ્તુતિથી થાય તે પહેલાં ભક્તિમય વાતાવરણમાં ડૂબકી મારવા પ્રેક્ષકો સજ્જ થઈ જાય તે રીતે મનને ડોલાવતી સંગીતની સુરાવલીઓ વહેતી મૂકી, જેમણે એવી રંગત જમાવી કે સાચ્ચે જ યૌવનની પાંખ વિંઝાણી... હવે ડાયરો જામશે એવો અહેસાસ સૌને થઈ ગયો. સંગીતની સુરાવલી અને તબલાંની સંગત પૂરી થઈ કે તરત જ જાણે સ્ટેજનિ ક્ષિતિજે આદિત્યનો ઉદય થઈ રહ્યો હોય એવો સૂર આદિત્યએ છેડ્યો અને ગણેશ વંદના તથા અન્ય દેવતાઓની આરાધના પણ આવી જાય એવી સ્તુતિ રજૂ કરી. માત્ર આ સ્તુતિના માધ્યમથી જ આદિત્ય ગઢવીએ પોતાના ગાયકીના કસબને છતો કરી દીધો. પ્રભુ વંદના પછી ઝવેરચંદ મેઘાણીની ખૂબ જાણીતી અને રામલીલા ફિલ્મમાં સમાવિષ્ટ થયા પછી લોકજીભે વસી ગયેલી રચના મૂળ હેમુ ગઢવીએ ગાઈ છે એવી શૈલીમાં પોતે રજૂ કરવાનો પ્રયત્યન કરશે એવી સ્પષ્ટતા સાથે જ આદિત્યએ રજૂ કરી જેમાં પ્રેક્ષકોને તે રચનાની હાલની લોકપ્રિયતા રચનાને તેના અસલ સ્વરૂપમાં સાંભળીને સાર્થક લાગી એટલું જ નહીં પણ ગુજરાતના લોકસંગીતની તાકાતનો પરચો પણ થયો હશે. આજના જમાનાનો યુવા કલાકાર હેમુ ગઢવીના ગાયન શૈલીને રજૂ કરીને શ્રોતાઓને તેમની હાજરીનો અહેસાસ કરાવી દે એ જ સૂચવે છે કે આપણું લોક સંગીત આજે પણ એટલું જ જીવંત અને પ્રસ્તુત છે. આ જ જુસ્સાથી 'કાન તારી મોરલડીએ મોહીને...', 'ખમ્મા મારા નંદજીના લાલ...', 'હવે નહીં જાઉં...', 'સાવ રે સોનાનું મારું દાતરડું...', 'હંસલા હાલોને હવે...', 'રમતા જોગી આયા...' તથા જીજાબાઈનું હાલરડું અને ઝવેરચંદ મેઘાણીની જે રચના વગર ડાયરો અધૂરો ગણાય એવી 'કસૂંબીનો રંગ...' રજૂ કરી. ખરેખર યુવા ડાયરો કહેવો પડે એવી એકલે હાથે આદિત્યએ એવી પાંખ વિંઝી કે ગાયકી અને જુસ્સો અદ્‌ભૂત હોવાથી લોકોને ખૂબ મઝા આવી. ડાયરામાં દરેક પ્રસ્તુતિ પછી જે વાતો રજૂ થાય તે પ્રેક્ષકો સાથે એક સેતુ રચે છે અને કાર્યક્રમ રોચક બની જાય છે. આ વાતને ઘનશ્યામ ગઢવીએ બખૂબી નિભાવી. એકંદરે આદિત્યએ લોક સંગીતનો એવો રસથાળ રજૂ કર્યો કે એક પવિત્ર વાતાવરણ રચાઈ ગયું અને સાચા અર્થમાં સૂરની સાધના થઈ રહી હોય એવી પ્રતીતિ થઈ. આ રીતે જોઈએ તો કાર્યક્રમમાં ૧૦માંથી ૯ જેટલા ગુણનો હકદાર ગણાય.

હાસ્ય કલાકાર તરીકે જય છનિયારાો પ્રેક્ષકોને હસાવવાનો પ્રયાસ સફળ રહ્યો. વાસ્તવિક ઘટનાઓ હાસ્ય નીપજાવે તે શૈલીમાં સાહજિક રીતે રજૂ કરવાની જયની હથોટી એટલી સરસ હતી કે તેની ઉંમર કરતાં તેનામાં રહેલો કલાકાર પાકટ લાગ્યો. એ જ રીતે ઘનશ્યામ ગઢવીના ઍન્કરીંગે વાતાવરણ જમાવ્યું ને પછી આદિત્યએ બીજો રાઉન્ડ રજૂ કર્યો. એની ગાયકીએ એટલું જોમ તો ઊભું કર્યું જ હશે કે પ્રેક્ષકો બહારની ઠંડી સહેલાઈથી સહન કરી શક્યા હશે. એકંદરે યુવા ડાયરાનો પ્રયોગ સફળ રહ્યો. આ માટે શિવરંજની અને તેના આ પ્રકારના જરા હટકે હોય એવા કાર્યક્રમ લઈ આવવાની પહેલને અવશ્ય બિરદાવવી રહી.

- નરેશ ઝીંઝુવાડીયા

